**અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/ ટ્રેઈની પાયલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦૨૦૧૫/૬૦૯૬૧૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.03/0૧/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦૨૦૧૫/૬૦૯૬૧૪/ગ

(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ઉપરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેશ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના આ વિભાગની ચ- શાખાના પત્રથી આ વિભાગ હસ્તકની કેટલીક સેવાઓ અંતર્ગત મેળવવામાં આવતા વધારાના પુરાવાઓ ઓછા કરવા તથા અન્ય બાબતે આનુષંગિક ઠરાવોમાં સુધારા કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અંગે ચ- શાખાના પત્ર સાથે સામેલ આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ ટાસ્ક સમિતિની નોંધથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ / ટ્રેઈની પાયલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવા અંગેની યોજનાના ઠરાવમાં સુધારા કરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવની શરતોમાં નીચે મુજબના ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. શરત નં: (૬) "આ યોજના હેઠળ સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછી ૫ વર્ષ માટે આપવાની રહેશે. જો તેઓ પરદેશમાં સ્થાયી થશે તો આવી સહાયની રકમ સંપૂર્ણપણે વ્યાજ સાથે ગુજરાત સરકારને પરત કરવાની રહેશે. આમા કોઈ છૂટછાટ મૂકી શકાશે નહીં" એ જોગવાઈ પૈકી "આ યોજના હેઠળ સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછી ૫ વર્ષ માટે આપવાની રહેશે." એ જોગવાઈ રદ્દ કરવામાં આવે છે.

૨. શરત નં : (૭) "આવી તાલીમ લેવા ઈચ્છતા ઉમેદવારના કોઈ સગા કોઇ સગા-સંબધી વિદેશમાં રહેતા હોય તાલીમાર્થીઓને તેઓ દ્વારા નાણાકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહીં" એ શરત રદ્દ કરવામાં આવે છે.

૩. શરત નં : (૯) "પરદેશમાં આવી તાલીમ લેવા ઈચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેન્ક ઑફ ઇન્ડીયા દ્વારા નિયત થયેલ વિનિમયના દરે સહાયની રકમ ચુકવવામાં આવશે અને તાલીમાર્થીઓના ભથ્થાઓમાં રીઝર્વ બેન્કની મંજૂરી પણ મેળવવાની રહેશે રીઝર્વ બેન્ક જેટલા પ્રમાણમાં તાલીમ ફી (Tution fee) નિર્વાહ ભથ્થા (વધુમાં વધુ છ મહિના માટે) અને શરૂઆતના સાધનો માટેના ભથ્થાઓ મંજુર કરશે તેટલા પ્રમાણમાં જ લોનની રકમ મંજુર થઇ શકશે." જે પૈકી "પરદેશમાં આવી તાલીમ લેવા ઈચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેન્ક ઑફ ઇન્ડીયા દ્વારા નિયત થયેલ વિનિમયના દરે સહાયની રકમ ચુકવવામાં આવશે અને તાલીમાર્થીઓના ભથ્થાઓમાં રીઝર્વ બેન્કની મંજૂરી પણ મેળવવાની રહેશે" એ જોગવાઈ રદ્દ કરવામાં આવે છે.

૪. શરત નં : (૧૪) "તાલીમાર્થીએ ખરેખર લોનના નાણા ચુકવ્યાની તારીખથી એક મહિનાની અંદર તાલીમ શરૂ કરવાની રહેશે. વળી તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ. કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરને રજુ કરવાનો રહેશે" જે પૈકી "તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ, કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરને રજુ કરવાનો રહેશે" એ જોગવાઈ રદ્દ કરવામાં આવે છે.

૫. શરત નં : (૫) "તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારે પ્રવેશ આપ્યા અંગેનો સંમતિપત્ર મળ્યા બાદ જ આ સહાય મંજૂર કરવામાં આવશે" એ શરત રદ્દ કરવામાં આવે છે.

૬. શરત નં : (૧) "કોમર્શિયલ પાયલોટ લાઇસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ મેળવવા ઈચ્છતા ઉમેદવારે મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઇન્ડિયન સ્કુલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ

પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ ઉપરાંત ઉમેદવાર જે સંસ્થામાં તાલિમ મેળવવા ઇચ્છતા હોય એ સંસ્થાએ કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ વર્ગમાં દાખલ થવા માટે નક્કી કરેલ બધી જ શૈક્ષણિક તાંત્રિક તેમજ અન્ય જરૂરી લાયકાત ધરાવતા હોવા જોઈએ." એ જોગવાઈ રદ્દ કરીને "વિદ્યાર્થીએ ધોરણ ૧૦/૧૨ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ" એ જોગવાઈ ઉમેરવામાં આવે છે.

૭. શરત નં : (૧૯) "આ યોજના હેઠળ લોનની રકમની ચુકવણી કરતા પહેલા નિયામકશ્રી, અમુસૂચિત જાતિ કલ્યાણે અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃતિ(એગ્રીમેન્ટ) લેવાની રહેશે અને અરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે." જે પૈકી "અરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે." એ જોગવાઈ રદ્દ કરીને "તાલીમાર્થીએ તાલીમ પૂર્ણ થયા બાદ ૨ માસમાં અહેવાલ અને લાયસન્સની નકલ નિયામકશ્રીને રજૂ કરવાના રહેશે" એ જોગવાઈ ઉમેરવામાં આવે છે.

૮. "વિદેશમાં તાલીમ પૂર્ણ થયા બાદ જો વિદ્યાર્થી વિદેશમાં સ્થાયી થાય તો નોકરીનું સ્થળ-રહેઠાણમાં ફેરફાર, સંપર્ક નંબર, ઇ-મેઇલ આઇ.ડી. ભારતમાં આવાગમનની જાણ 'જ્યાં સુધી લોન ભરપાઇ ના થાય ત્યાં' સુધી ફરજિયાત કરવાની રહેશે" એ શરત ઉમેરવામાં આવે છે.

૯. "જો વિદ્યાર્થી વિદેશની સંસ્થામાં તાલીમ મેળવવા માગતા હોય તો, વિદ્યાર્થી વિદેશ ગમનના ૬ (છ) માસની અંદર અરજી કરી શકશે" એ શરત ઉમેરવામાં આવે છે.

સદરહુ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)((સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.